પીએમજેવાય યોજનામાંથી હોસ્પિટલની બાદબાકી, ડોક્ટર સસ્પેન્ડ

જામનગરની ઓશવાળ આયુષ હોસ્પિટલમાં દર્દીઓની બિનજરૂરી સારવાર કરાતા ખળભળાટ

જામનગર તા. ૬: જામનગરની વધુ એક હોસ્પિટલ વિવાદમાં આવી છે. અગાઉ જેસીસી હાર્ટ હોસ્પિટલ અને હવે ઓશવાળ હોસ્પિટલ વિવાદમાં સપડાતા ચર્ચા જાગી છે.

જામનગરની ઓશવાળ આયુષ હોસ્પિટલમાં વગર કારણે હાર્ટની સારવાર કરી નાખવામાં આવતા સરકારે આશરે સવા કરોડનો દંડ ફટકાર્યો છે, તો જવાબદાર ડોક્ટરને સસ્પેન્ડ કરી નાખવામાં આવ્યા છે.

જામનગરમાં થોડા દિવસ પહેલા જેસીસી હાર્ટ હોસ્પિટલનું મસમોટું કૌભાંડ પ્રકાશમાં આવ્યું હતું, જેમાં બિનજરૂરી કેટલાંક દર્દીની હાર્ટની સારવાર કરી નાખવામાં આવી હતી. આવુ જ વધુ એક કૌભાંડ ઓશવાળ આયુષ હોસ્પિટલ પ્રકાશમાં આવતા ખળભળાટ મચી જવા પામ્યો હતો. સરકારની પીએમજેએવાય યોજના મારફત પૈસા કમાવવા માટે દર્દીઓ સાથે રમત કરવામાં આવી રહી છે.

મળતી માહિતી મુજબ ઓશવાળ આયુષ હોસ્પિટલમાં ૩૫ દર્દીઓને બિનજરૂરી સ્ટેન્ટ બેસાડી દેવાની સારવાર કરવામાં આવી હતી, અને તે માટે સરકાર પાસેથી ૪૨ લાખની બીલની રકમ વસૂલી લેવામાં આવી હતી.

આ સમગ્ર પ્રકરણની આરોગ્ય વિભાગની તપાસમાં કૌભાંડ બહાર આવતા સરકારે આ હોસ્પિટલને રૂા. ૧ કરોડ ૨૬ લાખ ૭૭ હજારનો દંડ ફટકાર્યો છે અને હોસ્પિટલમાં ડો. શ્રીપદ ભિવાસ્કરને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

બીજી તરફ હોસ્પિટલના જામનગરના સેન્ટર હેડ દેવેન્દ્રસિંહ ઝાલાએ જણાવ્યું છે કે, સારવારની સમગ્ર પ્રક્રિયા નિયમોનુસાર કરવામાં આવી છે. સરકારમાં દર્દીની તપાસની સીડી મોકલવામાં આવી છે અને ત્યાં સંપૂર્ણ તપાસ કર્યા પછી મંજુરી મળે ત્યાર પછી જ વધુ સારવાર કરવામાં આવે છે.

આમ સરકારની પીએમજેએવાય યોજના દર્દીને ગંભીર બીમારીની સારવાર માટે મદદ માટે અમલમાં મૂકવામાં આવી છે, પરંતુ અમુક હોસ્પિટલોએ આ યોજનાનો કમાવ દીકરા તરીકે ઉપયોગ કરે છે. આવા ગણ્યાગાંઠ્યા હોસ્પિટલ-ડોક્ટરના કારણે આખી તબીબી આલમ બદનામ થઈ રહ્યું છે.

સરકાર દ્વારા જ્યારે પણ હોસ્પિટલ સત્તાવાળાઓને બોલાવાશે ત્યારે અમો અમારો પક્ષ રજૂ કરશું. જરૂરી પુરાવા અને રિપોર્ટસ-રેફરન્સ અમારી પાસે ઉપલબ્ધ છે. અમારી હોસ્પિટલ તરફથી માગણી છે કે આ સસ્પેન્સન પાછું ખેંચવામાં આવે તેમ હોસ્પિટલ દ્વારા સત્તાવાર રીતે જણાવાયું છે.

રૂા.૪,૮૯,૩૦૦નો મુદ્દામાલ કબજે: સપ્લાયરનું નામ ઓકાવાયું:

ધ્રોલ નજીક ધ્રાંગડા પાસેથી મોટરમાં કલ્યાણપુર લઈ જવાતી ઈંગ્લીશ દારૂની પ૨૮ બોટલ સાથે ખંભાળિયાના શખ્સની અટક

જામનગર તા. ૬: જામનગર-રાજકોટ રોડ પર ધ્રોલ પાસેના ધ્રાંગડા ગામ પાસેથી ગઈકાલે એલસીબીએ એક મોટરમાં લઈ જવાતો અંગ્રેજી શરાબનો પ૨૮ નાની મોટી બોટલનો જથ્થો પકડી પાડ્યો છે. આ જથ્થા સાથે ઝડપાયેલા ખંભાળિયાના શખ્સે મહેસાણાના બહુચરાજીમાંથી દારૂ ભરી આપનાર અને કલ્યાણપુરના નાવદ્રામાં દારૂ મંગાવનાર શખ્સના નામ આપ્યા છે. કુલ રૂા.૪,૮૯,૩૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

જામનગર-રાજકોટ હાઈવે પર આવેલા ધ્રોલ નજીકના ધ્રાંગડા ગામ પાસે એક મોટરમાં ઈંગ્લીશ દારૂની હેરાફેરી થઈ રહી હોવાની બાતમી એલસીબીના મયુરસિંહ, યુવરાજસિંહ, ઋષિરાજસિંહને મળતા પીઆઈ વી.એમ. લગારીયાને વાકેફ કરાયા પછી ગઈકાલે બપોરે એલસીબી સ્ટાફે પીએસઆઈ સી.એમ. કાંટેલીયા, પીઆઈ મોરીના વડપણ હેઠળ વોચ રાખી હતી.

તે દરમિયાન ધ્રાંગડા ગામના પાટીયા પાસેથી પસાર થયેલી જીજે-૩-ડીએન ૯૪૦૦ નંબરની ફોર્ડ કંપનીની ફીગો મોટરને રોકી લેવામાં આવી હતી. તે મોટરની તલાશી લેવાતા તેમાંથી ભારતીય બનાવટના અંગ્રેજી શરાબની જુદી જુદી બ્રાંડની પ૨૮ બોટલ સાથે ખંભાળિયા શહેરમાં રહેતો રવિરાજસિંહ સદુભા જાડેજા નામનો શખ્સ મળી આવ્યો હતો.

આ શખ્સની પૂછપરછ કરાતા તેણે મહેસાણા જિલ્લાના બહુચરાજીમાંથી ચંદ્રસિંહ સોલંકી પાસેથી દારૂનો જથ્થો મેળવ્યાની અને દેવભૂમિ દ્વારકા જિલ્લાના કલ્યાણપુર તાલુકાના નાવદ્રા ગામના નારણ આલાભાઈ ડેર નામના શખ્સે આ જથ્થો મંગાવ્યાની કબૂલાત આપી છે. દારૂનો જથ્થો, એક મોબાઈલ, રૂા.૩ લાખની મોટર મળી કુલ રૂા.૪,૮૯,૩૦૦નો મુદ્દામાલ કબજે કરી એલસીબીએ ધ્રોલ પોલીસ મથકમાં ત્રણેય શખ્સ સામે ગુન્હો રજીસ્ટર કરાવ્યો છે.

હુમલાની ફરિયાદ પછી કરાઈ વળતી ફરિયાદ:

છરી બતાવી બાવન જમાતના પ્રમુખને ધમકી આપ્યાની ફરિયાદ: પૌત્રીની છેડતીની પણ રાવ

જામનગર તા. ૬: જામનગરના ચુનાના ભઠ્ઠા વિસ્તારમાં રહેતા એક યુવાને બાવન જમાતના પ્રમુખ અને તેના પુત્ર સામે હુમલાની ફરિયાદ કર્યા પછી પ્રમુખે વળતી ફરિયાદ કરી છે. જેમાં તેઓએ જણાવ્યા મુજબ ચારેક મહિના પહેલાં આ યુવાને બાઈકની ડેકીમાંથી છરી કાઢી ધમકી આપી હતી અને પ્રમુખના પૌત્રીની છેડતી પણ કરી હતી.

જામનગરના ચુનાના ભઠ્ઠા વિસ્તારમાં ઢોલીયા પીરની દરગાહ પાસે રહેતા અહેમદરઝા મહંમદહુસેન નાઈ નામના યુવાન ગયા રવિવારે સવારે સાડા નવેક વાગ્યે પોતાના ઘર પાસે હતા ત્યારે સ્વીફ્ટ મોટરમાં જુમા દોસ્તમામદ ખફી તથા તેનો પુત્ર આરીફ જુમા ખફી ધસી આવ્યા હતા. દોઢેક વર્ષ પહેલાં અહેમદરઝાને કોઈ બાબતે આરીફ જુમા સહિતના વ્યક્તિઓએ માર માર્યો હતો. જેની અહેમદરઝાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. તેનો ખાર રાખી ઉપરોક્ત હુમલો કરાયો હતો.

મોટરમાંથી આ શખ્સોએ ધોકો કાઢી હુમલો કર્યા પછી અહેમદરઝાના પત્નીને આરીફ જુમાએ હવે તમે અહીંયા રહીને દેખાડજો તેમ કહી તારૂ પૂરૂ કરી નાખવું તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી અને વીડિયો ઉતારવો હોય તો ઉતારી લે તેમ પણ કહ્યું હતું. આ બાબતની સિટી એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરાયા પછી ગઈકાલે જુમાભાઈ દોસમામદ ખફીએ વળતી ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવાયા મુજબ ગઈ તા.૧૩ જુલાઈની બપોરે અહેમદ રઝાએ તને જ શોધતો હતો તેમ કહી પોતાની બાઈકની ડેકીમાંથી છરી કાઢ્યા પછી ધમકી આપી હતી અને જુમાભાઈની પૌત્રીનો શાળા સુધી પીછો કરી તેની અહેમદ રઝાએ છેડતી પણ કરી હતી. પોલીસે આ ફરિયાદ રજીસ્ટરે લીધી છે.

ખેડૂતે ૧૬૪૬ ટન માટીની ચોરીની ફરિયાદ નોંધાવી:

નવાનાગનામાં નવા બનતા રોડમાં ખેડૂતને પૂછ્યા વગર ખેતરમાંથી ઉપાડી લેવાઈ માટી

જામનગર તા. ૬: જામનગર નજીકના નવાનાગનામાં રોડ બનાવવાના ચાલી રહેલા કામમાં માટીની જરૂરિયાત ઉભી થતાં ત્યાં કામ કરી રહેલા ખાનગી કંપનીના કર્મચારીઓએ બાજુમાં જ આવેલા એક ખેડૂતના ખેતરમાંથી મંજૂરી વગર જ નવ મહિનામાં ૧૬૪૬ ટન માટી ઉસેડી લઈ તેનો વપરાશ કરી નાખતા ખેડૂતે રૂા.૪ લાખથી વધુની માટીની ચોરી કર્યાની આ કંપનીના કર્મચારીઓ સામે પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

જામનગર તાલુકાના નવાનાગના ગામમાં રહેતા જીતેન્દ્રભાઈ રામજીભાઈ રાઠોડ નામના ખેડૂતે એ એન્ડ ટી ઈન્ફ્રાકોન પ્રાઈવેટ લિમિટેડ કંપનીના જવાબદાર વ્યક્તિ સામે પોતાની જમીનમાંથી ૧૬૪૬.૭૬ મે. ટન માટી ખોદી કાઢી તેની ચોરી કરી લીધાની બેડી મરીન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવવામાં આવ્યા મુજબ જીતેન્દ્રભાઈની ખેતીની જમીન રે.સ.નં.૧૫૦માં આવેલી છે. જ્યારે બાજુમાંથી પસાર થતો રોડ સર્વે નં.૧૫૧માં આવેલો છે. હાલમાં તે રોડ બનાવવાનું કામ ચાલી રહ્યું છે અને તે કામ એ એન્ડ ટી ઈન્ફ્રાકોન પ્રા.લિ.ને મળ્યું છે.

રોડના કામમાં માટીની જરૂરિયાત હોવાથી આ કંપનીના ત્યાં કામ કરતા કર્મચારીઓએ બાજુમાં જ ખેતર ધરાવતા જીતેન્દ્રભાઈ રાઠોડને પૂછ્યા વગર જ તેમની ખેતીની જમીનમાંથી છેલ્લા નવેક મહિનામાં અનઅધિકૃત રીતે ખોદકામ કરી ૧૬૪૬.૭૬ મે. ટન માટી કાઢી લીધી છે. પોલીસે રૂા.૪,૦૬,૩૩૯ની કિંમતની માટીની ચોરી અંગે ગુન્હો નોંધી તપાસ શરૂ કરી છે.

છેલ્લા બે દિવસમાં તાપમાન અઢી ડીગ્રી ઘટતા

જામનગરમાં લઘુતમ ૧૫.૫ ડીગ્રી

જામનગર તા. ૬: ઉત્તર ભારતમાંથી આવતા હિમ જેવા ઠંડા અને તેજીલા વાયરાઓના પગલે છેલ્લા બે દિવસમાં અઢી ડીગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાનનો પારો ૧૫.૫ ડીગ્રીએ પહોંચી જતા જામનગરમાં ઠંડીના જોરમાં વધારો થયો છે. સમગ્ર હાલારમાં ફરી એકવખત શિયાળો ગતિ પકડી રહ્યો છે. જમ્મુ-કાશ્મીર અને હિમાચલપ્રદેશ તથા ઉત્તરાખંડમાં થયેલ હિમવર્ષા પછી પંજાબ, હરિયાણાથી ગુજરાત સુધી તેની અસર અનુભવાઈ રહી છે. ઉત્તર ભારતના ઠંડા પવને ગુજરાતમાં પ્રવેશ કરતા સમગ્ર રાજ્યના મોટાભાગના વિસ્તારોમાં તાપમાનમાં ઘટાડો થઈ રહ્યો છે, અને ઠંડી વધી રહી છે.

જામનગરમાં છેલ્લા બે દિવસમાં અઢી ડીગ્રીના ઘટાડા સાથે લઘુતમ તાપમાન ૧૫.૫ ડીગ્રીએ પહોંચી ગયો છે, જ્યારે ચોવીસ કલાકમાં આંશિક ઘટીને મહત્તમ તાપમાન ૨૮ ડીગ્રી નોંધાયું હતું. પવનની ગતિ વધીને પ્રતિકલાકની સરેરાશ ૧૫ થી ૨૦ કિ.મી.ની રહેવા પામી હતી. તાપમાનમાં થયેલા ઘટાડા અને પવનની ગતિ વધતા જામનગરમાં ઠંડીનું જોર વધી ગયું છે. સાંજથી સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરવા લાગી હતી. રાતથી લઈને વહેલી સવાર સુધી ખાસ કરીને નગરસિમ અને ગ્રામ્ય વિસ્તારો તથા ધોરીમાર્ગો પર વધારે ઠંડી અનુભવાઈ હતી.

જામનગરના શ્રી કબીર આશ્રમમાં

એક્યુપ્રેશર, સુજોક અને મેગ્નેટ પદ્ધતિથી સારવાર કેમ્પનું આયોજન

જામનગર તા. ૬: જામનગરના કિશાન ચોકમાં આવેલ શ્રી કબીર આશ્રમમાં તા. ૭ થી તા. ૧૧ સુધી એક્યુપ્રેશર, સુજોક અને મેગ્નેટ પદ્ધતિથી સારવાર કેમ્પ યોજવામાં આવ્યો છે, જેમાં સાંધાનો દુઃખાવો, પેટના રોગ, કમરનો દુઃખાવો, માઈગ્રેન, બી.પી., સુગર વિગેરે દર્દોની સારવાર કરવામાં આવશે. આ કેમ્પમાં ડો. રામ મનોહર લોહિયા એક્યુપ્રેશર આરોગ્ય જીવન સંસ્થાનના નિષ્ણાત ડો. સુમનકુમાર, ડો. વિક્રમસિંહ, રામસ્વરૂપ ધારીવાલ સેવા આપશે. જનતાને આ કેમ્પનો લાભ લેવા શ્રી કબીર આશ્રમ દ્વારા જણાવાયું છે.

ચિરવિદાય

જામનગર નિવાસી ઔ.ગઢીયા બ્રાહ્મણ જ્ઞાતિના નરેન્દ્રભાઈ આર. ભટ્ટના પત્ની કુસુમબેન, તે રાજારામભાઈ નારણજીભાઈ ભટ્ટના પુત્રવધૂ, મહેન્દ્રભાઈ(રાજકોટ), દોલતરામ (ઓખા)ના નાનાભાઈના પત્ની, ચંદ્રકાન્ત આર. ભટ્ટ (પાણી પૂરવઠા)ના ભાભી, ભાવીન, પ્રીતિબેન વિપુલભાઈ પંડ્યા(રાજકોટ)ના માતા, રૂદ્રભાઈના દાદીનું તા. ૫ના અવસાન થયું છે. સદ્‌ગતનું ઉઠમણું તા. ૬ના શનિવારે સાંજે ૫ થી ૫:૩૦ જાગનાથ મંદિર, પુષ્કરણા બ્રાહ્મણની બ્રહ્મપુરી, સેન્ટ્રલ બેંક સામે, મઠફળી, જામનગરમાં રાખેલ છે.

બંધારણના ઘડવૈયાએ બૌદ્ધ પૂનર્જાગરણ આંદોલન શરૂ કર્યું હતું

ડો. આંબેડકરની પુણ્યતિથિ એટલે મહા પરિનિર્વાણ દિન: સંઘર્ષ અને શૂન્યમાંથી સિદ્ધિના પથદર્શક મહામાનવ

મધ્યપ્રદેશના મહુમાં એક સામાન્ય પરિવારમાં ડો. આંબેડકરનો જન્મ થયો હતો. વર્ષ ૧૮૯૧માં રામજી માલોજીને ત્યાં ભીમાબાઈની કૂખે જન્મ લેનાર ડો. આંબેડકરનું નામ ભીમરાવ રખાયું હતું. તેઓના પિતા સૈન્યમાં સુબેદાર હતા, અને સૈન્ય શાળાના હેડમાસ્તર હતા. બાળપણથી જ માતા-પિતાના સુસંસ્કારોથી ઉછરી રહેલા ભીમરાવે માત્ર ૬ વર્ષની વયે માતાની છત્રછાંયા ગુમાવી હતી. આ પરિવાર મૂળ મહારાષ્ટ્રીયન હતો, અને રત્નાગીરી જિલ્લામાં તેઓનું મૂળ ગામ હતું. અંબાવાડે ગામ પરથી ભીમરાવની અટક પિતાની સકપાલ અટકના સ્થાને આંબેડકર રખાઈ હતી, અને પાછળથી તેની અટક સ્કૂલના રજીસ્ટર પર સુધારીને આંબેડકર કરાઈ હોવાના ઉલ્લેખો પણ તેઓના બાળપણના વિવરણ દરમ્યાન થતા હોય છે.

સ્કૂલથી કોલેજ સુધી...

ભીમરાવ તેના પિતા સાથે મુંબઈમાં રહેવા ગયા, તેથી ભીમરાવનું હાઈસ્કૂલનું શિક્ષણ મુંબઈમાં થયું, પરંતુ તે પહેલા ગામડાની પ્રાથમિક કક્ષાની કેળવણી દરમ્યાન તેઓને તે સમયની અસ્પૃશ્યતાની બદીના કારણે ઘણું સહન કરવું પડ્યું હતું. વર્ષ ૧૯૦૭માં એલફિન્સ્ટન હાઈસ્કૂલમાંથી તેઓ મેટ્રિક પાસ થયા. તે પછી ડો. આંબેડકરના લગ્ન રમાબાઈ સાથે થયા. ઉચ્ચ અભ્યાસ માટે વડોદરા સ્ટેટના મહારાજા સયાજીરાવ ગાયકવાડ સ્કોલરશીપની વ્યવસ્થા કરી આપતા તેઓ એલફિન્સ્ટન કોલેજમાં બી.એ. થયા અને વડોદરા સ્ટેટમાં એક સૈન્ય અધિકારી બન્યા. મહારાજાના સહયોગથી અમેરિકાની પ્રખ્યાત કોલમ્બિયા યુનિવર્સિટીમાં એમ.એ. થયા. પીએચ.ડી.ની પદવી પણ મેળવી. લંડનમાં કાયદાનો અભ્યાસ કર્યો. વડોદરા છોડ્યા પછી મુંબઈની સિડનહામ કોલેજમાં પ્રોફેસર થયા. લંડન યુનિવર્સિટીમાંથી "ડોક્ટર ઓફ સાયન્સ"ની પદવી મેળવી.

જાહેર જીવન અને ચળવળો

બ્રિટિશ શાસનકાળમાં તેઓએ અસ્પૃશ્યતા અંગે "સાયમન કમિશન" સમક્ષ રજુઆતો કરી. તે પછી તેઓનું જીવન શરૂ થયું. તેઓએ મજૂર ચળવળને પ્રેરણા આપી અને એક એજ્યુકેશન સોસાયટીની સ્થાપના કરી હતી. વર્ષ ૧૯૩૦માં સાયમન કમિશનનો રિપોર્ટ પ્રસિદ્ધ થયા પછી પ્રથમ ગોળમેજી પરિષદમાં ભાગ લીધો. તેઓની વર્ષ ૧૯૩૧માં ગાંધીજી સાથે પ્રથમ મુલાકાત થઈ, બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લીધા પછી તેઓના વિચારોને બળ મળ્યું હતું, પરંતુ નેતાઓના મતમતાંતરો પણ વધ્યા. વર્ષ ૧૯૩૨માં બ્રિટિશ વડાપ્રધાને જાહેર કરેલા "કોમ્યુનલ એવોર્ડ" ની જાહેરાત થઈ. પુના કરાર પછી મતમતાંતરો ઘટવા લાગ્યા. વર્ષ ૧૯૩૫માં તેઓ મુંબઈની લો કોલેજના પ્રિન્સીપાલ બન્યા. તેઓએ સ્વતંત્ર મજૂર પક્ષ સ્થાપ્યો અને બ્રિટિશ શાસન દરમ્યાન વર્ષ ૧૯૩૭માં ધારાસભ્ય બન્યા. તેઓએ મોટી લાયબ્રેરી ઊભી કરી અને જુદા જુદા વિષયો પર ઘણાં પુસ્તકો લખ્યા. વર્ષ ૧૯૪૨માં ભારતના વાઈસરોયની કેબિનેટમાં લેબર મેમ્બર બન્યા. સિદ્ધાર્થ કોલેજ પણ સ્થાપી. આમ, તેઓ જાહેરજીવનમાં આવીને લોકનેતા બન્યા.

આઝાદીકાળ અને તે પછીનો દાયકો

આઝાદીકાળ દરમ્યાન બંધારણનું ઘડતર અને ડ્રાફ્ટ કમિટીના વડા તરીકે તથા પ્રથમ પ્રધાનમંડળમાં કાનૂનમંત્રી તરીકેની તેમની તમામ કારકિર્દી તથા પ્રવૃત્તિઓ ઉપરાંત રાજકીય આરોહ-અવરોહ વચ્ચે પણ તેઓની દેશભાવના અને માનવતા એવીને એવી જ પ્રજ્વલિત રહી. આ બધી પ્રચલિત વિગતો ઘણી જ વ્યાપક અને સર્વવિદિત છે.

આજે મહા પરિનિર્વાણ દિન નિમિત્તે શ્રદ્ધાંજલિ

બંધારણના ઘડવૈયા ડો. ભીમરાવ આંબેડકરે સમાજ સુધારણા, અન્યાય સાથે સંઘર્ષ, અસ્પૃશ્યતા સામે લડત, મજૂરો માટે ચળવળ ઉપરાંત શિક્ષણ અને સમાનતા, માનવતા તથા લોકતાંત્રિક મૂલ્યો માટે જીવનભર ઘણો જ સંઘર્ષ કર્યો હતો. વર્ષ ૧૯૫૬ની છઠ્ઠી ડિસેમ્બરે અનંતયાત્રાએ નીકળી ગયેલા મહામાનવ ડો. આંબેડકરનો ભારત સરકારે વર્ષ-૧૯૯૦માં મરણોત્તર ભારતરત્નનો ખિતાબ આપ્યો હતો. બંધારણના ઘડવૈયા તો તેઓ હતા જ, પરંતુ દલિતોના ઉદ્ધાર તથા અસ્પૃશ્યતા નિવારણ માટે તેઓ જીવનભર ઝઝુમ્યા હતા. તેઓએ સામાજિક સુધારણા અને સમાનતા-માનવતા માટે કરેલા સંઘર્ષના કારણે તેઓને મહાન સમાજ સુધારક અને મહામાનવ પણ કહેવામાં આવે છે.

ડો. આંબેડકર બૌદ્ધ ધર્મ અપનાવ્યો હતો. બૌદ્ધ ધર્મમાં "નિર્વાણ" પ્રાપ્ત કરનારને પ્રાપ્ત કરી લીધા પછી તેનું નિધન થાય તો તેને "મહા પરિનિર્વાણ" કહેવાય છે, જેનો અર્થ એવો થાય છે કે આ સિદ્ધિ મેળવનાર જન્મ અને પૂનર્જન્મના ચક્રથી મુક્ત થઈ જાય છે. પોતાના જીવનકાળમાં દલિતો-વંચિતો અને સામાજિક ન્યાય માટે સંઘર્ષ કર્યો અને માનવતા માટે જીવન સમર્પિત કરી દીધું, તેથી તેઓએ મૃત્યુ પહેલા જ "નિર્વાણ" પ્રાપ્ત કરી લીધું હતું અને મહાપરિનિર્વાણ પામ્યા હતા, તેવી માન્યતા છે. આજે મહામાનવ ડો. આંબેડકરને હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ અર્પીએ.

વિનોદ કોટેચા

પ્રથમ પૃષ્ઠથી ચાલુ...

જામનગરમાં કોંગી કોર્પોરેટરનું રાજીનામું તથા રાજ્યકક્ષાએ કેટલાક નેતાઓનો અસંતોષનો અવાજ જોતા હવે કોંગ્રેસે પણ ગુજરાતમાં સંગઠનાત્મક ક્રાંતિ લાવવાની જરૂર વિશ્લેષકો જણાવી રહ્યા છે, તો બીજી તરફ બિહારની ચૂંટણીના પરાજય પછી કોંગ્રેસમાં આવેલી હતાશાનો રાજકીય ફાયદો લઈને આમઆદમી પાર્ટી રાજ્યો અને રાષ્ટ્રીયકક્ષાએ દ્વિતીય વિકલ્પ બનવાની તૈયારી કરી રહી હોય તેમ જણાય છે. અને તેના એંધાણ હાલાર અને ગુજરાતમાં બની રહેલા તાજા રાજકીય ઘટનાક્રમો પછી સ્પષ્ટ રીતે વર્તાઈ રહ્યા છે. આ સંજોગોમાં જો રાષ્ટ્રીયકક્ષાએ ભાજપ-એનડીએને પડકારવું હોય તો કોંગ્રેસે પણ આંતરિક મતભેદોને કિનારે રાખીને મોટા લક્ષ્ય સાથે આગળ વધવું પડશે, આ માટે જિલ્લાઓ તથા રાજ્ય કક્ષાએ એકના એક ચહેરાઓને વિવિધ હોદ્દાઓ પર ફેરવ્યા રાખવાના બદલે સાહસભર્યો નિર્ણય લઈને ધરમૂળથી ફેરફારો કરવા પડશે. કોંગ્રેસની રાષ્ટ્રીય નેતાગીરીએ પણ ગુજરાતને જ્યારે રાષ્ટ્રીય રાજનીતિનું બુનિયાદી મેદાન બનાવવાનું નક્કી કર્યું હોય અને આમઆદમી પાર્ટીએ પણ ગુજરાતમાં જોર વધાર્યું હોય ત્યારે મૂળ મેદાન અને પીચને પારખીને જ ટીમનું સિલેક્શન કરવું પડશે, અને ત્રિપાંખીયા જંગમાં અવ્વલ રહેવાનું લક્ષ્ય રાખવું પડશે.

બીજી તરફ આમઆદમી પાર્ટીએ વિકલ્પ બનવાના બદલે "અવ્વલ" બનવા માટે કોઈ ગુપ્ત રણનીતિ ઘડી હોય અને તેમાં ભાજપના શાસન સામેની એન્ટિ ઈન્કમ્બન્સીનો લાભ કોંગ્રેસના બદલે "આપ" ને વધુ મળે, તેવી ચાલ અપનાવી હોય, તથા તેના ભાગરૂપે કોંગ્રેસના કાંગરા ખેરવીને કોંગી દિગ્ગજો તથા સ્થાનિક નેતાઓને "આપ"માં લઈ જવાની વ્યૂહરચના ગોઠવી હોય, તો તેમાં સાવધાનીપૂર્વક આગળ વધવુ પડે તેમ છે, કારણ કે ગુજરાતમાં કોંગ્રેસના કમિટેડ મતદારો તથા વર્તમાન શાસન સામેની એન્ટિ-ઈન્કમ્બન્સીના કારણે કોંગ્રેસ તરફી જનતાનો સંભવિત ઝોક અવગણવા જેવો નથી. ટૂંકમાં, કોંગ્રેસને અંડર એસ્ટિમેટ કરવાની ભૂલ ભારે પડી શકે છે, અને સપના રોળાઈ શકે છે. દાયકાઓના ભાજપના શાસન પછી જો ગુજરાતની જનતા પરિવર્તન ઈચ્છતી હશે, તો તેની શરૂઆત આવતા વર્ષે થનારી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓથી જ થવાની છે, અને બીએમસીની ચૂંટણીની પરોક્ષ અસરો ગુજરાતમાં અને બીએમસીની ચૂંટણીઓમાં ગુજરાતી મતદારોની ભૂમિકા પરસ્પર સંકળાયેલી હોવાથી આ બાબતે ગુજરાત અને મહારાષ્ટ્રથી જ દિલ્હી ગાદી મેળવવાની જાળ બીછાવાઈ રહી હોય તેવા તારણો પણ કાઢી શકાય છે.

ટૂંકમાં ગુજરાત એક વખત ફરીથી રાષ્ટ્રીય રાજનીતિનું એ.પી. સેન્ટર બનવા જઈ રહ્યું છે, અને તેમાં આગામી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં આમઆદમી પાર્ટી ત્રીજા મજબૂત પરિબળ તરીકે ઝંપલાવવાની તૈયારી કરી રહી છે, તેથી ગુજરાત દેશની પોલિટિકલ લેબ બનવા જઈ રહ્યું છે, તેમ કહી શકાય.

આ પહેલા વર્ષ ૧૯૭૪-૭૫ના સમયગાળામાં કોંગ્રેસ જ્યારે દેશભરમાં શક્તિશાળી હતી અને લગભગ તમામ રાજ્યોમાં કોંગ્રેસની સરકારો સત્તામાં હતી, ત્યારે તે સમયના વિપક્ષોએ ગુજરાતમાં "જનતા મોરચા" નો કરેલો પ્રયોગ સફળ રહ્યો અને તે જ ફોર્મ્યુલા પર તે સમયે, કટોકટી પછી જનતા પાર્ટી રચીને વિપક્ષોએ કોંગ્રેસને હરાવીને સત્તા પ્રાપ્ત કરી હતી. તે સમયથી જ ગુજરાત પોલિટિકલ લેબ બન્યું છે. આવતા વર્ષે પંચાયતો-પાલિકા-મહાપાલિકાની ચૂંટણીઓની લીગ મેચો પછી વર્ષ ૨૦૨૭ની સેમિફાયનલ મેચમાં આ વખતે ત્રિપાંખીયો જંગ ખેલાશે, તે નક્કી છે. જોઈએ, આગે આગે હોતા હૈ ક્યા...

૧૪મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ

સ્વ. રજનીકાંત લહેરચંદ ખુડખુડીયા (સોલ્ટ વર્કસવાળા) તા.૦૬-૧૨-૨૦૧૧

જીવન એવું જીવ્યા કે જીવનારા જોયા કરે, કર્મો સદા એવા કર્યા કે સૌના હૃદયમાં ગુંજ્યા કરે, તમારો પ્રેમાળ અને લાગણીશીલ સ્વભાવ, કુટુંબ પ્રત્યેનો પ્રેમભાવ અમોને સદાય પ્રેરણા આપતો રહેશે. પરમકૃપાળુ પરમાત્મા તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના..

લિ. ગં.સ્વ. અન્નપૂર્ણા રજનીકાંત ખુડખુડીયા
યોગેશ રજનીકાંત ખુડખુડીયા
પરેશ રજનીકાંત ખુડખુડીયા
મનીષ રજનીકાંત ખુડખુડીયા
તથા ખુડખુડીયા પરિવાર

અર્ક સંબંધ એટલે સારા સમયમાં જળવાય, ખરાબ સમયમાં ઓળખાય.

આપની આવતીકાલ

જ્યોતિષી: ઋષિ બટુકભાઈ શાસ્ત્રી, મો. ૯૮૯૮૯ ૯૦૮૮૭

મેષ (અ-લ-ઈ): આપના કામમાં આકસ્મિક સાનુકૂળતા મળી રહેતા કામનો ઝડપથી ઉકેલ લાવી શકો. પરદેશના કામ થઈ શકે. શુભ રંગ: મોરપીંછ શુભ અંક: ૧-૪

વૃષભ (બ-વ-ઉ): આપે રાજકીય-સરકારી કામમાં, ખાતાકીય કામમાં ઉતાવળ કરવી નહીં. ખર્ચ-ખરીદીના લીધે નાણાભીડ જણાય. શુભ રંગ: મરૂન શુભ અંક: ૫-૯

મિથુન (ક-છ-ઘ): આપની ગણતરી-ધારણા પ્રમાણેનું કામકાજ થવાથી કામ કરવાનો ઉત્સાહ વધે. રાજકીય-સરકારી કામ થાય. શુભ રંગ: લીલો શુભ અંક: ૮-૪

કર્ક (ડ-હ): આપના કામમાં સાનુકૂળતા જણાય. ધંધામાં આકસ્મિક ઘરાકી આવ જાય. સામાજિક કામમાં વ્યસ્ત રહેવાનું બને. શુભ રંગ: દૂધિયા શુભ અંક: ૫-૭

સિંહ (મ-ટ): આપના યશ-પદ-ધનમાં વધારો થાય તેવી કાર્યરચના થવાથી આપને આનંદ રહે. સંયુક્ત ધંધામાં ભાઈનો સાથ રહે. શુભ રંગ: કેસરી શુભ અંક: ૪-૯

કન્યા (પ-ઠ-ણ): આપના કામમાં કોઈને કોઈ રૂકાવટ-મુશ્કેલી જણાય. જમીન-મકાનના કામમાં આપે સાવધાની રાખવી પડે. શુભ રંગ: લાલ શુભ અંક: ૬-૮

તુલા (ર-ત): આપના વિલંબમાં પડેલા કામનો ધીરે ધીરે ઉકેલ આવતો જાય. સંતાનના કામનો ઉકેલ આવતા રાહત થાય. શુભ રંગ: બ્લુ શુભ અંક: ૨-૭

વૃશ્ચિક (ન-ય): આપના કામમાં હરિફ,ઈર્ષા કરનારની મુશ્કેલી જણાય. સિઝનલ ધંધામાં આપે ગ્રાહકવર્ગનું ધ્યાન રાખવું પડી શકે. શુભ રંગ: લવંડર શુભ અંક: ૬-૪

ધન (ભ-ધ-ફ-ઢ): આપના અગત્યના કામનો ઉકેલ આવવાથી આપને રાહત જણાય. મહત્ત્વના નિર્ણયો લઈ શકાય. શુભ રંગ: કેસરી શુભ અંક: ૨-૮

મકર (ખ-જ): આપના કામમાં પ્રતિકૂળતા જણાય. વ્યાવહારિક કામમાં મુશ્કેલી જણાય. વાહન ચલાવવામાં ઉતાવળ ન કરવી. શુભ રંગ: પીળો શુભ અંક: ૩-૦

કુંભ (ગ-શ-સ): આપના કામમાં ધીરે ધીરે સાનુકૂળતા થતી જાય, દેશ-પરદેશના, આયાત-નિકાસના કામમાં સરળતા થતી જાય. શુભ રંગ: લીલો શુભ અંક: ૫-૪

મીન (દ-ચ-ઝ-થ): દિવસના પ્રારંભથી જ આપે સતત કોઈને કોઈ કામમાં વ્યસ્ત રહેવું પડે. ધીમે ધીમે કામનો ઉકેલ આવતા રાહત જણાય. શુભ રંગ: લાલ શુભ અંક: ૧-૩

આવતીકાલનું પંચાગ

સૂર્યોદય : ૭-૧૪ સૂર્યાસ્ત : ૬-૦૩

દિવસના ચોઘડીયા

(૧) ઉદ્વેગ (૨) ચલ (૩) લાભ (૪) અમૃત (૫) કાળ (૬) શુભ (૭) રોગ (૮) ઉદ્વેગ

રાત્રિના ચોઘડીયા

(૧) શુભ (૨) અમૃત (૩) ચલ (૪) રોગ (૫) કાળ (૬) લાભ (૭) ઉદ્વેગ (૮) શુભ

વિક્રમ સંવત: ૨૦૮૨, માગશર વદ-૦૩ : તા. ૦૭-૧૨-૨૦૨૫, રવિવાર
વીર સંવત: ૨૫૫૨, શાલિવાહ: ૧૯૪૭, યુગાબ્દ : ૫૧૨૭, પારસી રોજ : ૨૫, મુસ્લિમ રોજ: ૧૬, નક્ષત્ર: પુનર્વસુ, યોગ: શુક્લ, કરણ: વણિજ

જન્મેલાનું વર્ષફળ

તા. ૦૭ - ડિસેમ્બરના દિવસે

આ સમયમાં વ્યાવસાયિક કામકાજ અંગે દોડધામ-શ્રમ જણાય. આપના કાર્યની સાથે બીજું કોઈ કામ આવી જતાં, અન્ય સહકર્મીનું કામ આવી જતાં આપના કાર્યભારમાં વધારો થતો જણાય. કૌટુંબિક-પારિવારિક પ્રશ્ને ચિંતા-ઉચાટ જણાય. સંતાનનો સાથ-સહકાર મળી રહે. શરૂઆતથી જ મહેનત કરવી. સ્વાસ્થ્યની કાળજી રાખવી. વિદ્યાર્થીવર્ગે મહેનત કરો તેવું ફળ મળી શકે.

બાળકની રાશિ: મિથુન ૨૨:૩૯ સુધી પછી કર્ક

શબ્દવ્યૂહ

૭૩૩૩

આડી ચાવી

૧. જીવનનો અંત --------(૨
૬. ધાર્મિક બાબતોની દેખરેખ રાખનાર અધિકરી-----(૫
૮. થોડા મત ધરવતો પક્ષ --(૪
૧૧. સહેલાઈથી થઈ શકે એવું(૩
૧૨. વયોવૃદ્ધ------------(૩
૧૩. માહ, મહિનો---------(૨
૧૫. પ્રતિદિન------------(૪
૧૮. બેસવા માટેનું નાનું ગાદલું ------------(૨
૧૯. રાત્રિ, શર્વરી---------(૩
૨૧. બુદ્ધિ--------------(૨
૨૨. આકસ્મિક, ઓચિંતુ ---(૪

ઊભી ચાવી

૨. સમગ્ર, સંપૂર્ણ --------(૩
૩. બદબો, દુર્ગંધ --------(૨
૪. સત્તા, અખત્યાર-------(૪
૫. વિલંબ -------------(૨
૭. લાંબા સમયથી દુષ્કૃત્યોને વરેલું---------------(૨
૯. ફુદડી---------------(૪
૧૦. જીભ ચચરે એવું-------(૨
૧૧. શ્વસુર -------------(૩
૧૩. વારંવાર કે સખત મારવું તે ----------------(૪
૧૪. સ્વતંત્રતા------------(૩
૧૬. વધારે પડતી સ્વામાની કે અહંભાવી સ્ત્રી --------(૩
૧૭. પહેલું--------------(૩
૨૦. મુખ્ય નહીં તેવું -------(૨

ઉકેલ કોયડા નં. ૭૩૩૨

આડી ચાવી: (૧) ઉગ્ર (૨) કુદરતી (૫) ઘા (૬) રતિ (૭) ખુશાલી (૧૧) મબલખ (૧૩) ઘી (૧૫) મજબુરી (૧૭) મૌન (૨૦) બહુરૂપી (૨૧) સપ્તપદી

ઊભી ચાવી: (૧) ઉત્તરવહી (૩) તીર (૪) પૂર્ણિમા (૮) શાદી (૯) ધૃણા (૧૦) તાલ (૧૧) મયૂરી (૧૨) ખનન (૧૪) સાંજ (૧૬) બુઢ્ઢી (૧૮) ટબ (૧૯) જપ્ત